## મહોરમની ઉજવણી વચ્ચે નવસારીમાં ગૌરક્ષક પર હુમલો

ગૌરક્ષકની દુકાનમાં ઘૂસી ત્રણ અજાણ્યાએ હુમલો કર્યો



નવસારીઃ નવસારી શહેરમાં મહોરમ દરમિયાન શાંતિ અને સુરક્ષાના દાવા વચ્ચે ગૌસેવા સાથે સંકળાયેલા મોહિત હિરાની પર થયેલા હુમલાએ શહેરમાં ભારે ખળભળાટ મચાવ્યો છે. નગરપાલિકા સામે આવેલી તેમની દુકાન પર ત્રણ શખ્સોએ હુમલો કર્યો હોવાની પ્રાથમિક માહિતી સામે આવતા ગૌપ્રેમીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

હુમલા બાદ ઈજાગ્રસ્તને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં મોટી સંખ્યામાં ગૌપ્રેમીઓ ઉમટી પડતા થોડા સમય માટે તંગ સ્થિતિ સર્જાઈ હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં હુમલા પાછળ જૂની અદાવત અથવા અંગત વિવાદ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હુમલાનું ચોક્કસ કારણ હજુ સત્તાવાર રીતે જાહેર થયું નથી. પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ પુરાવા અને સાક્ષીઓના નિવેદનોના આધારે હુમલાખોરોની ઓળખ મેળવવાના પ્રયાસો તેજ કર્યા છે.

ઘટનાને પગલે ગૌપ્રેમીઓએ દોષિતોને તાત્કાલિક ઝડપી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

શહેરમાં ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા હોવા છતાં આવી ઘટનાએ સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ અનેક સવાલો ઊભા કર્યા છે.

## વાપીની સગીરાનું અપહરણ કરનારા સામે ફરિયાદ નોંધાઈ

**ઘરેથી** શાળાએ જવાનું કહી નીકળેલી સગીરા શાળાએ પહોંચી જ નહીં

વાપીઃ વાપી ડુંગરા પોલીસ મથકની હદમાં સગીર અને સગીરા વચ્ચે છેલ્લા આશરે છ મહિનાથી પ્રેમસંબંધ હોવાની ઘટના સામે આવી છે.

આ દરમિયાન સગીર દ્વારા સગીરાનો હાથ પકડી તેને રીક્ષામાં બેસાડી દમણ ફરવા લઈ જવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. બનાવને પગલે સગીરાના વાલીઓએ વાપી ડુંગરા પોલીસ મથકમાં સગીર સામે અપહરણની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, સગીરા રોજની જેમ ઘરેથી શાળાએ જવા માટે નીકળી હતી. નિયત સમયે તે ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતિત બન્યા હતા.

વાલીઓએ શાળામાં તપાસ કરતા જાણવા મળ્યું કે સગીરા તે દિવસે શાળાએ પહોંચી જ નહોતી. ત્યારબાદ પરિવારજનોએ વધુ તપાસ હાથ ધરતા સગીર તેને રીક્ષામાં બેસાડી દમણ લઈ ગયો હોવાની હકીકત સામે આવી હતી. ઘટનાની જાણ થતાં સગીરાના વાલીઓએ વાપી ડુંગરા પોલીસ મથકનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

આ કિસ્સામાં બંને સગીર વયના હોવાથી પોલીસ માટે પણ તપાસ કરવામાં ગૂંચવાડો ઊભો થયો હતો. સાથે જ વાલીઓએ પણ પોતાના સંતાનોની ગતિવિધિ પર નજર રાખવાનો સમય આવી ગયો હોવાનું આ કિસ્સો સમજાવી જાય છે.

### વલસાડમાં મહોરમ પર્વની ઉજવણી




■ વલસાડમાં મોહરમ પર્વની મુસ્લિમ બિરાદરો દ્વારા ઈમામ હસન અને ઈમામ હુસૈનની શહાદતને યાદ કરી ભારે આસ્થા, શ્રદ્ધા સાથે ઉજવણી કરવામાં આવી હતી. વલસાડના વિવિધ વિસ્તારોના મોટા 24 અને નાના 15 તાજિયા આઝાદ ચોક ખાતે આવી પહોંચ્યા હતા.




## ચૈતર વસાવાના સમર્થનમાં પદયાત્રા શરૂ થાય તે પૂર્વે જ પૂર્ણ!

**પદયાત્રા** શરૂ થાય એ પહેલા જ પોલીસે તમામને ડિટેઈન કરી લીધા

વલસાડઃ વલસાડ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા ધારાસસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં કલ્યાણ બાગથી પદયાત્રાનું આયોજન કરાયું હતું. હોદેદારો અને કાર્યકરોએ પદયાત્રા શરૂ કરી ત્યારે જ પોલીસે નિયમ અનુસાર તેમને ડિટેઈન કર્યા હતા.

કાર્યક્રમમાં શૈલેષ ત્રિપાઠી (વલસાડ જિલ્લા મહામંત્રી અને વલસાડ વિધાનસભા સંગઠન મંત્રી), જયેન્દ્ર ગાવીત (સ્ટેટ જોઈન્ટ સેક્રેટરી), ઈશ્વરભાઈ પટેલ (માજી ધારાસભ્ય), કમલેશ પટેલ (ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી) પ્રદેશના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ "સપોર્ટ માર્ચ"માં હાજર રહ્યા હતાં.

ધરમપુરનાં માજી ધારાસભ્ય અને આમ આદમી પાર્ટી નેતા ઈશ્વરભાઈ પટેલે પત્રકારોને જણાવ્યું કે, ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડના વિરોધમાં આજે વલસાડમાં પદયાત્રા કાર્યક્રમ યોજાયો હતો. પોલીસે તે અગાઉ તમામને ડિટેઈન કર્યા હતાં.

## કામદારોની માહિતી પોલીસને ન આપતા ઉમરગામની કંપની સામે ગુનો નોંધાયો

ઉમરગામઃ ઉમરગામમાં કામદારોનું પોલીસ વેરિફિકેશન ન કરાવનાર એક કંપનીના એચઆર અને કોન્ટ્રાક્ટર સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી અટક કરી હતી. જાહેરનામાના અમલીકરણ અંગે ઉમરગામ પોલીસ તપાસ હાથ ધરી હતી. જેમાં ઉમરગામ ન્યૂ જી.આઈ.ડી.સી.માં આવેલ વર્ધમાન પ્લાસ્ટોકેમ પ્રા. લિ. કંપનીમાં તપાસ કરતા કંપનીના એચઆર તરીકે ફરજ બજાવતા શુભમ ગૌસ્વામી (રહે ઉમરગામ) અને લેબર કોન્ટ્રાક્ટર વિજય યાદવની પોલીસે કંપનીમાં કામ કરતા કર્મચારીઓ અને કામદારોના પોલીસ વેરિફિકેશન અંગે પૂછપરછ કરી હતી. તેમણે ઉમરગામ પોલીસ મથકે કોઈ પણ કર્મચારી કામદારોનું પોલીસ વેરિફિકેશન કરાવ્યું ન હોવાનું જણાવતા ઉમરગામ પોલીસે જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## વલસાડ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ ફળ્યો : 41316 બાળકોનો પ્રવેશ

**ખાનગી** શાળા છોડીને સરકારી શાળામાં આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધુ

**20339** કન્યાઓ : કાર્યક્રમ દરમિયાન 1.42 લાખનું રોકડ દાન, 49.55 લાખનું વસ્તુ સ્વરૂપે દાન મળ્યું

**45 કુમાર** અને 21 કન્યા મળી કુલ 66 બાળકોએ ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો

વલસાડઃ વલસાડ જિલ્લામાં 686 શાળાઓમાં ત્રણ દિવસના શાળા પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડી, બાલવાટિકા, ધો. 1, ધો. 09 અને ધો.11 મળી કુલ 41,316 બાળકોએ પ્રવેશ મેળવી પોતાના ઉજ્જવળ ભવિષ્ય તરફ ડગ માંડયા છે.

આ મહોત્સવે માત્ર બાળકોના શાળા પ્રવેશ સુધી જ સીમિત ન રહી શિક્ષણ પ્રત્યે જનજાગૃતિ, કન્યા કેળવણી, ડ્રોપઆઉટ નિવારણ, શાળા વિકાસ અને સમાજની ભાગીદારીને પણ નવી દિશા આપી છે.

કાર્યક્રમ દરમિયાન 742 કુમાર અને 566 કન્યા મળી કુલ 1305 બાળકોએ ફરી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. ઉપરાંત 45 કુમાર અને 21 કન્યા મળી કુલ 66 બાળકોએ ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે. નોંધનીય છેકે 19174 કુમારની તુલનાએ 20339 કન્યાઓએ શાળામાં પ્રવેશ મેળવ્યો છે.

આમ કુમારની તુલનાએ વધુ 1165 કન્યાઓએ પ્રવેશ મેળવ્યો હોય કન્યા કેળવણી મહોત્સવ સાર્થક થયો છે. કાર્યક્રમમાં રૂ.1,42,959 નું રોકડ દાન અને રૂ.4955964નું વસ્તુ સ્વરૂપમાં દાન મળી કુલ રૂ. 51,03,412 રૂપિયાનું દાન મળતા બાળકોની સુવિધામાં વધારો થશે. કાર્યક્રમ દરમિયાન રાજ્યના અધિકારીઓ સહિત જિલ્લાના અધિકારીઓ, રાજકીય હોદેદારોએ શાળાઓમાં પહોંચી કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ રીતે વલસાડ જિલ્લાનાં બાળકોને શાળા પ્રવેશોત્સવ ફળ્યો હતો. એક વાત એ પણ નોંધનીય રહી કે ખાનગી શાળા છોડીને સરકારી શાળા તરફ આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધુ માત્રામાં રહી હતી.

## મહોરમની ઉજવણી

### મહોરમ પર્વે ડાંગનાં વઘઈ - આહવામાં ઠંડાં પીણા, દૂધ, શરબતનું વિતરણ




સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં પ્રવેશદ્વાર વઘઈ તથા જિલ્લાનાં મુખ્યમથક આહવા ખાતે મુસ્લિમ સમાજ દ્વારા મોહરમ પર્વની ઇબાદતપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે હઝરત ઇમામ હુસૈન અને તેમના 72 વફાદાર સાથીઓની કરબલાના મેદાનમાં ધર્મ, સત્ય અને ન્યાયની રક્ષા માટે આપેલી શહાદતને યાદ કરવામાં આવી હતી. મોહરમ પર્વ નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ કોમી એકતા, ભાઈચારો અને માનવસેવાનો સંદેશ આપતા ન્યાઝ સ્વરૂપે ઠંડાં પીણા, દૂધ અને શરબતનું વિતરણ કર્યું હતુ. વઘઈ અને આહવાના વિવિધ વિસ્તારોમાં તમામ સમાજના લોકોને પ્રેમ અને સૌહાર્દના ભાવ સાથે આ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વઘઈ તથા આહવાના સુન્ની મુસ્લિમ જમાતના યુવાનોએ મુસ્લિમ બિરાદરોના ઘરે-ઘરે જઈ દૂધ અને શરબત પહોંચાડી મોહરમ પર્વની ઉજવણીમાં સહભાગીતા દર્શાવી હતી.

### દમણમાં યા હુસૈનના નારા સાથે તાજિયા જૂલૂસ નીકળ્યા



દમણ: હઝરત ઈમામ હુસૈન તથા તેમના 72 સાથીઓની શહાદતની યાદગીરીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દમણમાં મુસ્લિમ સમાજ દ્વારા પરંપરાગત તાજિયા જૂલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું. નાની દમણના ઘાંચીવાડ તથા અન્ય વિસ્તારમાંથી 10થી 12 જેટલા કલાત્મક તાજિયા જૂલૂસ નીકળ્યા હતાં. આ પ્રસંગે મુસ્લિમ યુવાનો દ્વારા કરતબો રજૂ કરવામાં આવ્યા હતાં. હિન્દુ સમાજના શ્રધ્ધાળુઓએ રસ્તા પરથી પસાર તાજિયાઓ પર ફૂલહાર તથા શ્રીફળ ચઢાવી પોતાની માનતાઓ માની હતી. તાજિયામાં જોડાયેલા મુસ્લિમ બિરાદરો માટે ખાનદેશ સુન્નત જમાત દ્વારા પાણી, શરબતના પીણાઓના સેવાકેન્દ્રો પણ ઊભા કરવામાં આવ્યા હતાં. તાજિયા જૂલૂસને લઈ મુખ્ય રસ્તાઓ પર ટ્રાફીક જામની સ્થિતિ ન સર્જાય તેવા હેતુથી દમણ પોલીસ દ્વારા જરૂરી પોલીસ બંદોબસ્ત પણ કરવામાં આવ્યો હતો. આમ, દમણમાં શાંતિપૂર્ણ માહોલમાં તાજિયા જૂલૂસ સંપન્ન થવા પામ્યું હતું.

### ખેરગામમાં કોમી એખલાસભર્યા માહોલમાં કલાત્મક તાજિયાઓનું ઝુલૂસ સંપન્ન



ખેરગામઃ ખેરગામમાં ઇસ્લામી મહિનાની 10મી મહોરમ નિમિત્તે હઝરત ઇમામ હુસૈન અને કરબલાના મેદાનમાં શહીદ થયેલા તેમના 72 સાથીઓની યાદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા મહોરમ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શુક્રવારે ખેરગામના મુસ્લિમ મહોલ્લામાંથી કલાત્મક તાજિયાઓનું ઝુલૂસ પોલીસ બંદોબસ્ત વચ્ચે નીકળ્યું હતું. ઝુલૂસ મુસ્લિમ મહોલ્લાથી ચાર રસ્તા, મેઈન બજાર, પોસ્ટ ઓફિસ અને મસ્જિદ માર્ગે ફરી મુસ્લિમ મહોલ્લામાં પહોંચ્યું હતું. ત્યારબાદ તાજિયાઓને ઔરંગા નદી ખાતે ટાઢા કરવા માટેની વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ અને ધાર્મિક માહોલમાં સંપન્ન થઈ હતી. આ અગાઉની રાત્રે પણ તાજિયાઓનું પરંપરાગત ઝુલૂસ નીકળ્યું હતું. હિન્દુ સમાજના આગેવાનો વેપારી અગ્રણી પંકજભાઈ મોદી, અંકુર શુક્લ તથા ભાજપ અગ્રણી ભૌતેશ કંસારા સહિતના આગેવાનોએ માજી મુતવલ્લી ઝમીરભાઈ શેખ, અઝીઝભાઈ ક્વોરીવાળા, શોએબભાઈ શેખ, ફારૂકભાઈ શેખ, મુતવલ્લી ગુલામભાઈ શેખ અને મોઇન મોટરવાળા સહિતના મુસ્લિમ સમાજના આગેવાનોનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું.

### 9 કલાત્મક તાજિયાના ઝુલૂશ સાથે પારડીમાં મહોરમ પર્વ ઉજવાયું



પારડીઃ પારડી શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મોહરમ પર્વની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઇસ્લામ ધર્મના શાંતિ અને સમાનતાના સંદેશ સાથે પારડીમાં તાજિયાનું જુલૂસ નીકળતા મુસ્લિમ બિરાદરો જોડાયા હતાં. આજથી ૧૪૦૦ વર્ષ પહેલાં કર્બલાના મેદાનમાં હઝરત ઇમામ હુસૈન અને તેમના પરિવારે હકની લડાઇ માટે આપેલા બલિદાનની યાદમાં મોહર્રમ મનાવવામાં આવે છે. પારડીમાં આ વર્ષે પણ ૯ જેટલા કલાત્મક તાજિયાનું જુલૂસ કાઢવામાં આવ્યું છે. આ પ્રસંગે શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં પારડી લઘુમતી મોરચાના પ્રમુખ ફૈઝલ મલેક, ઇસ્લામ નૂરી, અનવર મણિયાર, ઇલ્મુદ્દીન સૈયદ, સાજિદ ખાન, બસિર મલેક, ઇબ્રાહિમ મણિયાર, આરીફ દમણિયા વગેરે મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. પારડીમાં કોમી એકતાનું ઉદાહરણ જોવા મળ્યું હતું. ફાલ્ગુનીબેન ભટ્ટ પણ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. તાજિયાનું આ જુલૂસ પારડી બસ સ્ટેન્ડથી શરૂ થઈને કુંભારવાડ, વાણિયાવાડ અને દમણી ઝાંપા થઈને આગળ વધ્યું હતું. ત્યારબાદ પરંપરાગત રીતે પારનદી ખાતે તાજિયા ઠંડા કરવામાં આવ્યા હતાં. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પીઆઇ ગોહિલની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## વાપી ટાઉન પોલીસે એક રાતમાં 21 લાખનો દારૂ પકડી પાડયો

**બંને** પીકઅપમાં જથ્થો ભરાવનાર પાંચ પાર્ટનરો વોન્ટેડ, દારૂ સુરત પહોંચાડવાનો હતો

વાપીઃ વાપી ટાઉન પોલીસ ટીમ દ્વારા એક રાતમાં બે સ્થળોએથી બે પીકઅપ ટેમ્પામાંથી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. જેમાં મોરાઈથી ઝડપાયેલ પીકઅપમાંથી 10 લાખ અને બલીઠાથી 11 લાખનો દારૂ મળી આવ્યો હતો. બંને સ્થળોએથી ઝડપાયેલ ડ્રાઈવરોની પૂછપરછમાં દારૂનો જથ્થો ભરાવનાર પાંચ પાર્ટનરો હોય જેઓને વોન્ટેડ બતાવ્યા હતાં.

પોલીસ પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે, મોરાઈ ગામ, વટાર રોડ પર વોચ ગોઠવી હતી અને વર્ણવેલ નંબરવાળો પીકઅપ ટેમ્પો આવતા અટકાવી તપાસ કરતા તાડપત્રી ખોલી જોતા તેમાં પાસપરમીટ વિનાનો વિદેશી દારૂની ટીન-બીયરના બોક્સ મળી આવ્યા હતા જેની કિંમત આશરે 10,92,960 આંકી હતી.

પોલીસે ડ્રાઈવર હરીવંશ પાંડે (ઉ.વ, 50, રહે. પીપરિયા, સેલવાસ)ની ધરપકડ કરી હતી. જયારે બીજા બનાવમાં બલીઠા ચાર રસ્તા પર વોચ ગોઠવી વર્ણવેલ નંબર મુજબનો પીકઅપ ટેમ્પો આવતા પોલીસે અટકાવી તપાસ હાથ ધરી હતી.

તાડપત્રી ખોલી તપાસ કરતા પાસપરમીટ વિનાનો વિદેશી દારૂની ટીન બીયરના બોક્સ મળી આવ્યા હતા જેની કિંમત આશરે 11,04,000 આંકવામાં આવી હતી. પોલીસે ડ્રાઈવર દર્શનકુમાર મુકેશભાઈ પટેલ (ઉ.વ.28, રહે. અમલસાડ, તા.ગણદેવી)ની ધરપકડ કરી હતી.

પોલીસ દ્વારા ઝડપાયેલા બંને પીકઅપ ચાલકોની પૂછપરછમાં આ દારૂનો જથ્થો સચીન ઠાકરે (રહે. પાંચઆંબા, સુથારવાડ, વાપી), તેના પાર્ટનર ભરત પાલ (રહે. નામધા-વાપી), ગુલાબ ઉર્ફે ચીનુ પટેલ તથા હરીશ પટેલ (બંને રહે. થાના પારડી, મોટી દમણ) અને અજય પટેલ (રહે. નાયલા-પારડી, દમણ)એ દમણથી પીકઅપમાં ભરાવી આપી સુરત પહોંચાડવાનો હતો. જયારે બલીઠા પાસે પીકઅપ ટેમ્પાનું પાયલોટીંગ અજય પટેલ કારમાં કરતો હોવાનું જણાવ્યું હતું.

પોલીસ દ્વારા મોરાઈથી ઝડપાયેલ પીકઅપ ટેમ્પો, મોબાઈલ ફોન, દારૂનો જથ્થો મળી કુલ રૂ.15,94,960નો મુદ્દામાલ જયારે બલીઠાથી ઝડપાયેલ પીકઅપ ટેમ્પો, મોબાઈલ ફોન, દારૂનો જથ્થો મળી કુલ રૂ.16,06,000નો મુદ્દામાલ કબજે કરી 5 પાર્ટનરોને વોન્ટેડ ટાઉન પોલીસ મથકમાં પ્રોહિ. મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## ભીલાડ રેલવે અન્ડર પાસ 30મીએ ખુલ્લો મૂકાશે

**અનેક** લોકોને લાભ થશે, ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે




ઉમરગામઃ જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તે ભીલાડ રેલવે અન્ડર પાસ બનીને તૈયાર થઈ ગયો છે અને 3 મી જૂને સવારે 11 કલાકે ખુલ્લો મૂકવામાં આવશે.

આ પ્રસંગે સાંસદ ધવલભાઈ પટેલ, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવભાઈ શાહ અને ઉમરગામના તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિ રહેશે.

થોડા દિવસો પહેલા સરીગામના અગ્રણી અપક્ષ ચૂંટાઈને આવેલા ઉમરગામ તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા રાકેશ રાયે ભીલાડ રેલવે અન્ડર પાસનું કામ પૂર્ણ થઈ ગયું હોય આવાગમન માટે તાત્કાલિક ધોરણે શરૂ કરવાની માંગણી સાથે દેખાવો કરતા રાજકારણ ગરમાયું હતું.

વાહન ચાલકો,વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ, કામદારો તેમજ આમજનતાને રાહત થશે. ભીલાડ રેલવે ફાટક પાસે ટ્રાફિકની સમસ્યાનો વાહન ચાલકોએ સામનો કરવો પડતો હતો તે ટ્રાફિકની સમસ્યાથી પણ મુક્તિ મળશે.

## સાપુતારા -માલેગામ ઘાટમાર્ગમાં કન્ટેનર પલટી ગયું, ડ્રાઈવર-ક્લિનર હેમખેમ

સાપુતારાઃ મહારાષ્ટ્રના નાસિક તરફથી માલસામાનનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલું કન્ટેનર નં. જીજે-23-એ.ડબ્લ્યુ.0375 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ઘાટમાર્ગમાં ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંક પર પહોંચતા ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. પરિણામે કન્ટેનર માર્ગની બાજુએ પલ્ટી મારી ગયું હતું. આ અકસ્માતને કારણે કન્ટેનર તેમજ તેમાં ભરેલા માલસામાનને નુકસાન પહોંચ્યું હતુ. ઘટનામાં કન્ટેનરના ચાલક અને ક્લીનરને સામાન્ય ઈજાઓ પહોંચતા તેમનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તથા સંબંધિત તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.આ અકસ્માતને પગલે થોડા સમય માટે ઘાટમાર્ગ પર વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો..

## LIC પોલિસીના નાણાંનાં મામલે વડોલીની મહિલા સાથે છેતરપિંડી

**ખોટા** ટ્રાન્ઝેક્શન મેસેજથી વિશ્વાસમાં લઈ બે હપ્તામાં રકમ ટ્રાન્સફર કરાવી

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વડોલી ગામે સાયબર ઠગાઈનો વધુ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. એલ.આઈ.સી. પોલિસીના પાકેલા નાણાં અપાવવાના બહાને અજાણ્યા ઠગે મહિલાને વિશ્વાસમાં લઈ રૂ. 30 હજાર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. ઘટનાને પગલે મરોલી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વડોલી ગામે રહેતા ડિમ્પલબેન રશ્મિકાંતભાઈ પટેલનો અજાણ્યા વ્યક્તિએ મોબાઈલ ફોન દ્વારા સંપર્ક કરી તેમના પતિની એલ.આઈ.સી. પોલિસીના રૂ. 15 હજાર પાકી ગયા હોવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ ફરિયાદીના મોબાઈલ પર ખોટો ટ્રાન્ઝેક્શન મેસેજ મોકલી ભૂલથી રૂ. 5 હજારના બદલે રૂ. 50 હજાર જમા થઈ ગયા હોવાનું જણાવી વધારાની રકમ પરત કરવાની વાત કરી હતી. આરોપીની વાતમાં આવી જઈ ફરિયાદીએ ગૂગલ પે મારફતે બે અલગ-અલગ ટ્રાન્ઝેક્શનમાં રૂ. 15-15 હજાર મળી કુલ રૂ. 30 હજાર ટ્રાન્સફર કર્યા હતા.

થોડી જ વારમાં પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ધ્યાનમાં આવતા ડિમ્પલબેને મરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા મોબાઈલ નંબર 9588514140ના ઉપયોગકર્તા સામે ગુનો નોંધી પી.આઈ. એ. એન. ગાબાણીના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ સાયબર ઠગો સક્રિય બન્યા હોવાની આ ઘટના ચેતવણીરૂપ બની છે.

## પારડીના રોહિણામાં માનસિક બીમાર વૃદ્ધ પર કોદાળીથી હુમલો

પારડીઃ પારડી તાલુકાના રોહીણા ગામમાં ઘટના 24 જૂનના રોજ સવારે બની હતી. ફરિયાદ મુજબ, કાંતિલાલભાઈ ઘર સામે આવેલા જાસુદના ફૂલ તોડવા ગયા હતા ત્યારે ત્યાં કામ કરી રહેલા ઈલાબેન ચુનીલાલ પટેલ સાથે ફૂલના છોડને લઈને બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ઈલાબેનનો પુત્ર ભુપેન્દ્ર ઉર્ફે લાલો ચુનીલાલ પટેલ ખેતરમાં કામ કરવાની કોદાળી લઈને આવ્યો અને કાંતિલાલભાઈના ડાબા હાથ પર જોરદાર ફટકો માર્યો હતો. વૃદ્ધના પુત્ર પંકજકુમાર વચ્ચે પડતા ભુપેન્દ્રે તેમને પણ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધને પ્રથમ રોહીણા સરકારી હોસ્પિટલ વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ભુપેન્દ્ર ઉર્ફે લાલો ચુનીલાલ પટેલ તથા ઈલાબેન ચુનીલાલ પટેલ વિરુદ્ધ પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## વિજલપોરના રેલવે ટ્રેકે એક વર્ષમાં 20થી વધુનો ભોગ લીધો

**22 વર્ષીય** યુવતીનું ટ્રેક પર મોત



નવસારીઃ નવસારીના વિજલપોર વિસ્તારમાં આવેલા રેલવે ટ્રેક પર ગુરુવારે સાંજે વધુ એક કરુણ દુર્ઘટના બની હતી. ટ્રેનની અડફેટે આવતા 22 વર્ષીય યુવતીનું ઘટનાસ્થળે જ મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પોલીસે હાલ અકસ્માત મોતની નોંધ કરી છે, પરંતુ ઘટના અકસ્માત હતી કે આપઘાત તે અંગે તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરવામાં આવી છે.

વિજલપોરના રામનગર-2 વિસ્તારમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના ગાજીપુરના વતની પ્રેમચંદ ભીગુનાથ શાહની પુત્રી રીતા ગુરુવારે સાંજે આશરે 7:50 વાગ્યે રામનગર ગોકુલપુરા સામે આવેલા અમદાવાદ-મુંબઈ રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે આવી હતી. ઘટનાની જાણ થતાં વિજલપોર પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

યુવતી ટ્રેક પર કેવી રીતે પહોંચી અને ઘટના પાછળનું વાસ્તવિક કારણ શું હતું તે જાણવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વિજલપોર-રામનગરનો રેલવે ટ્રેક છેલ્લા ઘણા સમયથી જીવલેણ અકસ્માતો માટે કુખ્યાત બન્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ માત્ર છેલ્લા એક વર્ષમાં જ અહીં ટ્રેનની અડફેટે આવી 20થી વધુ લોકોનાં મોત થયા છે. શોર્ટકટ અપનાવવાની બેદરકારી અને પૂરતી સુરક્ષા વ્યવસ્થાના અભાવે વારંવાર કિંમતી માનવજીવો હોમાઈ રહ્યા છે. સ્થાનિકોએ રેલવે તંત્રને આ વિસ્તારમાં ફૂટઓવર બ્રિજ, અંડરપાસ અને સુરક્ષા જાળી જેવી કાયમી વ્યવસ્થા તાત્કાલિક ઉભી કરવાની માંગ કરી છે.